ક્રમાંક:ખતપ/૧૬૨૦૧૮/૩૫/ગ
**ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ**
**બ્લોક નં.-૨, પહેલો માળ,**
**"કર્મયોગી ભવન"**
**નિર્માણ ભવનની પાછળ,**
**સેકટર-૧૦ એ, ગાંધીનગર- ૩૮૨ ૦૧૦.**

11 FEB 2019

પ્રતિ,

અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી,

અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી,

અરણ્ય ભવન, સેકટર-૧૦-એ,

ગાંધીનગર

વિષયઃ- માર્ચ-૨૦૧૯માં યોજાનાર બીટગાર્ડ સંવર્ગની ખાતાકીય પરીક્ષાના કાર્યક્રમ બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, આપની કચેરીના વર્ગ-૩ના કર્મચારીઓની બીટગાર્ડ સંવર્ગની ખાતાકીય પરીક્ષા મંડળ ધ્વારા તા.૦૭/૦૩/૨૦૧૯ થી તા.૦૮/૦૩/૨૦૧૯ દરમ્યાન યોજાનાર છે. ખાતાકીય પરીક્ષાનો કાર્યક્રમ, પરીક્ષાનુ સ્થળ અને બેઠક નંબરની યાદીની વિગતો આ સાથે સામેલ રાખેલ છે. તો આ બાબતની જાણ સંબંધિત કર્મચારીઓને કરવા નમ્ર વિનંતી છે.

૨. વધુમાં આપને જણાવવાનું કે, બેઠક નંબરના પત્રકમાં દર્શાવેલ મુકિત અંગે વિસંગતતા જણાય તો તાત્કાલીક અત્રે આધાર/પુરાવા સાથે જણાવવા વિનંતી છે. (વ્યકિતગત/ઉમેદવારની સીધી રજૂઆત ધ્યાને લેવાશે નહિ) હાજર રહેનાર દરેક ઉમેદવારને આ સાથે સામેલ સુધારેલ નમુના મુજબના જ ઓળખપત્ર કચેરીના વડા ધ્વારા પ્રમાણિત કરાવી પરીક્ષાખંડમાં નિરીક્ષકને આપવાના રહેશે. ઓળખપત્ર સિવાય કોઇપણ સંજોગોમાં કોઇપણ કર્મચારીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. વધુમાં અરજીપત્રક સાથે જો ઓળખ પત્ર મોકલવામાં આવેલ હોય તો પણ આ સાથે સામેલ ઓળખપત્ર દરેક કર્મચારીએ લાવવાનું રહેશે. આ અંગેની જાણ સંબંધિત કચેરીઓને તાત્કાલીક કરવા નમ્ર વિનંતી છે

૩. વધુમાં ખાસ જણાવવાનું કે, મંડળ ધ્વારા યોજાનાર તમામ ખાતાકીય પરીક્ષાઓમાંથી નેગેટીવ માર્કસનું ધોરણ રદ બાતલ કરવામાં આવેલ છે અને MCQ પ્રશ્નપત્ર ઉમેદવારોને પરત આપવામાં આવશે. જે બાબત તમામ ઉમેદવારોના ધ્યાન પર લાવવા વિનંતી છે.

૪. સદર ખાતાકીય પરીક્ષાના અભ્યાસક્રમ અનુસાર પ્રશ્નપત્ર-૧ થી પ્રશ્નપત્ર-૨ માં સમાવિષ્ટ અભ્યાસક્રમના જે માન્ય પુસ્તકો આપના દ્વારા મંડળને આપવામાં આવેલા છે. તે માન્ય પુસ્તકોની યાદી સિવાયના કોઇપણ પુસ્તકો કે સાહિત્ય ઉમેદવારો પરીક્ષાખંડમાં ન લાવે તે માટે માન્ય પુસ્તકોની યાદી પ્રત્યેક ઉમેદવારના ધ્યાન પર આવે તે મુજબની ઉમેદવારોને જાણ કરવા વિનંતી છે, તેમજ આ પુસ્તકોની યાદી આપના તરફથી ઉમેદવારોને આપવાની રહેશે. માન્ય પુસ્તકોની યાદી સિવાયના કોઇપણ પુસ્તકો/સાહિત્ય ઉમેદવાર ધ્વારા પરીક્ષા ખંડમાં લાવવામાં ન આવે તેવી સૂચના આપની કક્ષાએથી તમામ ઉમેદવારોને આપવાની રહેશે.

# ખાતાકીય પરીક્ષાની બેઠક વ્યવસ્થા

| ક્રમ | ખાતાના વડાનું નામ | સંવર્ગ | પરીક્ષા તારીખ | બેઠક નંબર | પરીક્ષા કેન્દ્રનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરી | બીટગાર્ડ | તા.૭/૩/૨૦૧૯ થી તા.૮/૩/૨૦૧૯ | ૦૧ થી ૭૬૪ | પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેકટર-૭, પથિકાશ્રમ સામે, ગાંધીનગર |

બિડાણ : ઉપર મુજબ.

આપનો વિશ્વાસુ

(પી. જી. બારીયા)
સેકશન અધિકારી
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર

---

ક્રમાંકઃમહક/પરીક્ષા/૭-અ/બ/૧૭૫૧૨-૬૦૦ /૨૦૧૮-૧૯
ગાંધીનગર, તા.૧૨/૦૨/૨૦૧૯

નકલ સવિનય રવાનાઃ અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ
નકલ રવાનાઃ અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ
નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર
મુખ્ય વન સંરક્ષકશ્રી, તમામ/ વન સંરક્ષકશ્રી, તમામ
નાયબ વન સંરક્ષકશ્રી, તમામ
નકલ રવાનાઃ આઇ.ટી. શાખા તરફ અત્રેની વેબસાઇટ પર પ્રસિધ્ધી સારૂ.

૨/- આ સાથે ગુજરાત ગૌણ સેવા પંદગી મંડળ, ગાંધીનગરના પત્રાંકઃખતપ/૧૬૨૦૧૮/૩૫/ગ, તા.૧૧/૦૨/૨૦૧૯ ની ઉપર વિગતે બેઠક નંબર, તેની સુચનાઓ તથા આ પરીક્ષાનો અભ્યાસક્રમ સામેલ છે. જે આ પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોને જાણ કરવી તેમજ પરીક્ષામાં બેસવા માટે આપેલ ઓળખપત્ર આપવા અંગેની તમામ વન રક્ષકને લેખિતમાં વ્યક્તિગત રીતે જાણ કરવા વિનંતી છે.

અ.અગ્ર મુખ્ય વન સંરક્ષક,
વહીવટ અને આઇટી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## અગ્ર મુખ્ય વન સંરક્ષકની કચેરીની બીટગાર્ડ સંવર્ગની ખાતાકીય પરીક્ષાનો કાર્યક્રમ

## પરીક્ષા તારીખઃ- તા.૦૭/03/૨૦૧૯ થી તા.૦૮/03/૨૦૧૯

| ક્રમ | તારીખ | સમય | વિષય | પેપર નંબર | કુલ ગુણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | તા.૦૭/03/૨૦૧૯ | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ફોરેસ્ટ એન્ડ વાઇલ્ડ લાઇફ લૉ. | પેપર-૧ | ૧૦૦ | OMR પધ્ધતિથી પુસ્તકો સાથે |
| ૨ | તા.૦૮/03/૨૦૧૯ | ૧૪-૦૦ થી ૧૭-૦૦ | ફોરેસ્ટ એન્ડ વાઇલ્ડ લાઇફ મેનેજમેન્ટ | પેપર-૨ | ૧૦૦ | OMR પધ્ધતિથી પુસ્તકો સાથે |

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## બીટ ગાર્ડ સંવર્ગની ખાતાકીય પરીક્ષા માર્ચ-૨૦૧૯

| અહી પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાવી કચેરીના વડા ધ્વારા પ્રમાણિત કરવો |
|---|

## ઓળખપત્ર

શ્રી ............................................... જે તા.૦૭/૦૩/૨૦૧૯ થી તા.૦૮/૦૩/૨૦૧૯ દરમ્યાન લેવામાં આવનાર ................................... સંવર્ગની ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થનાર છે. તેઓ આ કચેરીમાં .................................................................. (હોદ્દો) તરીકે ફરજ બજાવે છે. નીચે દર્શાવેલ સહી મારી રૂબરૂમાં કરેલ છે. તથા ઉપર લગાવવામાં આવેલ અને પ્રમાણિત કરેલ ફોટોગ્રાફસ તેમનો પોતાનો છે, તે મતલબનું હું પ્રમાણપત્ર આપુ છું.

**ઉમેદવારનું નામ :-** 　　　　　　　　**બેઠક નંબર :-**

**ઉમેદવારની સહી :-** 　　　　　　　　**પરીક્ષા કેન્દ્ર :-**

**સ્થળ :-** 　　　　　　　　**કચેરીના વડાની સહી તથા સિક્કો:-**

**કચેરીનું રાઉન્ડ સીલ :-**

મોબાઇલ નંબરઃ-

**ખાસ નોંધ :-** પરીક્ષા ખંડમાં પ્રવેશ મેળવવા આ ઓળખ પત્ર ઉમેદવારે પરીક્ષા દરમ્યાન સાથે લાવવાનું રહેશે. તથા જયારે માંગવામાં આવે ત્યારે બતાવવાનું રહેશે.

**નીચેની વિગત પરીક્ષા વખતે ભરવાની રહેશે.**

| ક્રમ | તારીખ | OMR Sheet No. | ઉમેદવારની સહી | ઇન્વીજીલેટર/ સુપરવાઇઝરની સહી |
|---|---|---|---|---|
| ૧ | ૦૭-૦૩-૨૦૧૯ | | | |
| ૨ | ૦૮-૦૩-૨૦૧૯ | | | |